# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-07-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ

રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કચ્છને ખરવા મોવાસા રોગમુક્ત કરવાના હેતુથી વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક, બનાસકાંઠા ડો. કે.જી. બ્રહ્મક્ષત્રિય દ્વારા કચ્છ, પાટણ તેમજ મોરબી જિલ્લાના પશુપાલન ખાતાના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જિલ્લા પંચાયત ભુજ ખાતે યોજાયેલી બેઠકમાં ખરવા મોવાસા રોગમુક્ત કરવા માટે લેવાનાં થતાં વિવિધ પગલાંઓ અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી. જિલ્લા સીમાની આજુબાજુ આવેલા બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર એમ કુલ પાંચ જિલ્લાને બફર ઝોન તરીકે જાહેર કરાયા છે. આંતર જિલ્લા પશુ હેરફેર નિયંત્રિત કરી શકાય તે માટે રાજમાર્ગો, રસ્તાઓ વૌવા તા. સાંતલપુર જિ. પાટણ તથા હરિપર તા. માળિયા જિ. મોરબી એમ કુલ ત્રણ સ્થળે ચેકપોસ્ટ અને ક્વોરેન્ટાઈન સેન્ટર બનાવવાનાં આયોજન અંગે ચર્ચા કરાઈ હતી.

**-----------------------------------------------------------------------------------------**

## નવી મહાનગરપાલિકાનું સિમાંકન

રાજ્યની 9 નવી મહાનગરપાલિકાનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીધામ સહિત દરેક મહાનગરપાલિકામાં 13 વોર્ડ અને 52 બેઠક નિશ્ચિત કરવામાં આવી છે. ગાંધીધામ આદિપુર જોડિયાં શહેરો અને શિણાય, અંતરજાળ, કીડાણા, ગળપાદર મેઘપર બોરીચી અને મેઘપર કુંભારડી સહિત મહાનગરપાલિકામાં સમાવેશ થયેલાં છ ગામના ગ્રામીણ વિસ્તારમાં 15 વર્ષ દરમિયાન વસ્તી અને વિસ્તાર બંને વધ્યો છે. વધારે વસ્તી ધરાવતાં ગામોને અલગથી

વોર્ડ અપાશે કે કેમ સહિતના ઘણા પ્રશ્નો વચ્ચે વોર્ડનું સીમાંકન કરવાનું છે. આ માટે ટૂંક સમયમાં વસ્તી ગણતરીના ડેટાનું પણ એકત્રીકરણ કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## બન્નીમાં ચિતલ

કચ્છના બન્નીનાં ઘાસનાં મેદાનોમાં વન્યજીવના વૈવિધ્યને સહાયરૂપ બનવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં ગુજરાત વન વિભાગે, અનંત અંબાણી દ્વારા સ્થાપિત વન્યજીવન બચાવ અને સંરક્ષણ માટેની પહેલ વનતારા સહયોગથી 70 હેક્ટરના સંરક્ષિત વિસ્તારમાં 20 ચિતલને આયોજનબદ્ધ રીતે વસાવવામાં આવ્યા છે. આ સહયોગી પહેલનો ઉદ્દેશ એશિયાના સૌથી મોટા ઘાસનાં મેદાનોમાંના એક એવા બન્નીમાં જૈવવિવિધતાને મજબૂત કરવાનો છે. જામનગરમાં આવેલી વનતારાની અલાયદી સંરક્ષિત સુવિધામાંથી સ્થળાંતરિત કરાયેલા હરણોને ખાસ ડિઝાઇન કરેલી એમ્બ્યુલન્સમાં કચ્છ લાવવામાં આવ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## રાજકોટ-ભુજ ટ્રેનને પુન: શરૂ કરવા માંગ

અમદાવાદ ડિવિઝન દ્વારા ચલાવવામાં આવતી રાજકોટ-ભૂજ ટ્રેનને ૩૦ જુનથી બંધ કરવામાં આવેલી સેવાને સમયમાં યોગ્ય ફેરફાર કરી પુનઃ શરૂ કરવા રાજયના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પશ્ચિમ રેલ્વે મુંબઈના જનરલ મેનેજરને પત્ર પાઠવ્યો છે. અમદાવાદ ડિવિઝન દ્વારા બંધ કરવામાં આવેલ ટ્રેનના સમયમાં ફેરફાર કરી રાજકોટ અને ભુજથી રાત્રીના ૯ થી ૧૦ વચ્ચે ચલાવી વહેલી સવારે પહોંચે તો મુસાફરીના સમય અને સસ્તી ટ્રેન સેવાના કારણે નાણાનો બચાવ થશે અને ટ્રેનમાં સારા પ્રમાણમાં ટ્રાફીક-ગુડઝ મળી શકશે. સૌરાષ્ટ્રના અનેક શહેરોના મુસાફરો દિવસ દરમ્યાન કચ્છ-ભુજના જોવા લાયક સ્થળોએ ફરી રાત્રીની આરામદાયક મુસાફરી સાથે સૌરાષ્ટ્રમાં પરત ફરી શકશે.

-----------------------------------------------------------------------------------

## પોસ્ટ વિભાગ  અદ્યતન

પોસ્ટ વિભાગમાં અદ્યતન એપીટી એપ્લિકેશનનો આરંભ 22 જુલાઇથી કચ્છની તમામ ડાક ઓફિસોમાં લાગુ કરવામાં આવશે. આ અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ આઇટી 2.0 પર સીમલેસ અને સુરક્ષિત રોલઆઉટ પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે સેવાઓનું આ કામચલાઉ સસ્પેન્શન જરૂરી છે, જેથી 21 જુલાઇના પોસ્ટ ઓફિસમાં કોઇ જાહેર વ્યવહારો થઇ શકશે નહીં.

---------------------------------------------------------------------------------------

## અબડાસા : તાલુકા પંચાયત

અબડાસા મુખ્ય મથકની તાલુકા પંચાયત કચેરીમાં સામાન્ય સભાનું આયોજન કરાયું હતું. તાલુકા પ્રમુખ મહાવીરાસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને તેમજ નાયબ ટીડીઓ અર્જુન આહીરની ઉપસ્થિતિમાં આયોજિત સામાન્ય સભામાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. ખાસ  ઘણા સમયથી બાકી રહેલા પગારનું ચૂકવણું કરવા તેમજ તાલુકા પંચાયતમાં સ્ટાફની ઘટ અને અબડાસા તાલુકામાં 85 ગ્રામ પંચાયત સામે ફક્ત 48 તલાટી છે તેની ઘટ પૂરવા અને શિક્ષકોની ઘટ પૂરવા સહિતના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી સંપુર્ણ વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદના વિરામની સ્થિતિ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ઉંચકાવવાનો સિલસીલો યથાવત રહ્યો છે. ગઇકાલે અંજાર અને ગાંધીધામમાં મહત્તમ તાપમાન 35.6 ડિગ્રી રાજ્યના સૌથી ગરમ મથકોની યાદીમાં પ્રથમ ક્રમાંકે રહ્યા હતા.  હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમ્યાન જિલ્લામાં છુટાછવાયા સ્થળે ગાજવીજ સાથે હળવો વરસાદ વરસવાની આગાહી યથાવત રાખી છે..

---------------------------------------------------------------------------------------